ક્માંક:માધ્ય/સ્કો/૨૦૨૩/ ૯૭-૯૯૯
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં:૯/૧, ડૉ.જે.એમ. ભવન,
ગાંધીનગર
તા.૦૨ /૦૧/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

**વિષય:-** VIKAS SCHOLARSHIP Of PRL, Ahmedabad: Registration for the year 2023
**સંદર્ભ:** :- VIKAS SCHOLARSHIP Of PRL, Ahmedabad તા.૨૩/૧૨/૨૦૨૨નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, PRL (PHYSICAL RESEARCH LABORATORY) એ તાજેતરમાં વિક્રમ સારાભાઇ પ્રોત્સાહક યોજના-VIKAS શિષ્યવૃત્તિ (https://www.prl.res.in/Vikas) ની સ્થાપના કરી છે. ઓછી આવક ધરાવતા પરિવારોમાંથી આવતા અને ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવનારી આ દસ શિષ્યવૃત્તિઓ છે. આ દસમાંથી ઓછામાં ઓછી પાંચ શિષ્યવૃતિ વિદ્યાર્થીનીઓને આપવામાં આવશે. હાલમાં ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ આ શિષ્યવૃતિ માટે અરજી કરવા પાત્ર છે. દરેક શિષ્યવૃત્તિ ચાર વર્ષના સમયગાળા માટે હશે. પ્રથમ બે વર્ષમાં, પસંદ કરેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને રૂ.20,000/- પ્રતિ વર્ષ અને જો વિદ્યાર્થી/વિદ્યાર્થીની વિજ્ઞાન પ્રવાહની કોઇપણ શાખામાં અભ્યાસ ચાલુ રાખે છે, તો શિષ્યવૃત્તિ (આગામી બે વર્ષ માટે, રૂ.30,000/- પ્રતિ વર્ષ, એટલે કે જ્યારે વિદ્યાર્થી ધોરણ 11 અને 12માં હોય ત્યારે) ચાલુ રહેશે. વધુમાં, આ વર્ષ (2022) માટે, હાલમાં ધોરણ 10નું અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને દસ શિષ્યવૃત્તિ આપવામાં આવશે. (આગામી બે વર્ષ માટે, રૂ. 30,000/- પ્રતિ વર્ષ એટલે કે જ્યારે વિદ્યાર્થી ધોરણ 11 અને 12માં હોય ત્યારે).

PRL (PHYSICAL RESEARCH LABORATORY, AHMEDABAD) દ્વારા શિષ્યવૃત્તિ વિશેની માહિતીને શક્ય તેટલી વ્યાપક રીતે ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. (ફ્લાયરનું બિડાણ કરેલ છે). જેથી વધુમાં વધુ વિધાર્થીઓ ભાગ લઇ શકે તે માટે PRL (PHYSICAL RESEARCH LABORATORY) નોંધણીની સમયમર્યાદા લંબાવવાનું વિચારી રહ્યાં છે. શિષ્યવૃત્તિ અને અરજી પ્રક્રિયા વિશે વધુ માહિતી https://www.prl.res.in/Vikas પર ઉપલબ્ધ છે.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૧૪
શાખાનું નામ: પ્રાથમિક
તારીખ: 3-1-23
સહી:

તમામ શાળાને મોકલી આપો -

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા, ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

Scanned with CamScanner

भौतिक अनुसंधान प्रयोगशाला, अहमदाबाद
ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા, અમદાવાદ,
Physical Research Laboratory, Ahmedabad

## VIKAS Scholarship

- PRL is committed to spreading the scientific temper and spirit, not only at the highest level of education and research but, very importantly, at the level of school and college students.
- Students from remote and rural regions face economic hardships in pursuing higher education and are at a disadvantage in terms of guidance and lack of confidence to pursue a career in science.
- PRL has announced ten scholarships in memory of our founding father, Dr Vikram A. Sarabhai, aimed at motivating and supporting economically weaker students from rural areas of Gujarat, belonging to all sections of society, to pursue higher education in science. The scholarship is named Vikram Sarabhai Protsahan Yojana (VIKAS Scholarship).

### Salient Features of the Scholarship

- Dedicated to students from schools in rural areas and low-income families.
- Total 10 scholarships will be awarded each year. Out of 10, at least 5 will be awarded to girls.
- Students currently studying in class 8 in rural areas of Gujarat and whose annual family income is less than 1.5 lakhs will be eligible to apply.
- For the year (2022-23), additional 10 scholarships available for the students currently studying in class 10 and planning to take science stream next year.

## Scholarship Amount

- For students of class 10: Scholarship for two years, ₹30,000/- during Standard 11 and ₹30,000/- during Standard 12.]
- For Class 8: Selected students will receive scholarships up to ₹1,00,000/- (One Lakh Rupees only) over a period of four years. [₹20,000/- during Standard 9, ₹20,000/- during Standard 10, and only if the student continues further study in the science stream after Standard 10, then ₹30,000/- during Standard 11 and ₹30,000/- during Standard 12.]

## How to Apply

Applicants should register on the PRL VIKAS scholarship website by filling in the online form.

Documents Required:

- Photograph of student
- Income proof: Income Certificate (issued by Tehsildar/Revenue officer (Mamlatdar)/SDM/Taluka Magistrate/Collector/DM/ADM/any equivalent officer). The certificate should clearly mention the total family income per annum/year.
- Bona-fide student certificate from school
- Standard 7 mark sheet
- Marksheet of Standard 9 in the case of Standard 10 students applying for the scholarship.

Important Dates

Last date for registration: 13 January 2023

Screening Test: 22 January 2023

For more details, please visit: https://www.prl.res.in/Vikas

E-mail: vikas_scholarship@prl.res.in

Scanned with CamScanner

VIKAS

भौतिक अनुसंधान प्रयोगशाला, अहमदाबाद
ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા, અમદાવાદ,
Physical Research Laboratory, Ahmedabad

## વિક્રમ સારાભાઇ પ્રોત્સાહન યોજના

- ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા શાળા થી લઇને શિક્ષણ અને સંશોધનના ઉચ્ચતમ સ્તર પર સક્રિય વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વૃત્તિ અને અભિગમ ફેલાવવા માટે પ્રતિબદ્ધ છે.
- અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને આર્થિક મુશ્કેલીઓની સાથે સાથે માર્ગદર્શનનો અભાવ અને બીજી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.
- આ સમસ્યાને ધ્યાનમાં રાખી, અમે અમારા આદ્યસ્થાપક શ્રી વિક્રમ સારાભાઈની સ્મૃતિમાં દસ શિષ્યવૃત્તિઓની સ્થાપના કરેલ છે.
- આ શિષ્યવૃત્તિનો ઉદ્દેશ્ય ગુજરાતના ગ્રામીણ વિસ્તારોના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં ઉચ્ચશિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો તેમજ સહાય આપવાનો છે. આ શિષ્યવૃત્તિનું નામ વિક્રમ સારાભાઈ પ્રોત્સાહન યોજના (વિકાસ શિષ્યવૃત્તિ) છે.

## શિષ્યવૃત્તિની મુખ્ય વિશેષતાઓ

- વિકાસ શિષ્યવૃત્તિ ફક્ત ગ્રામીણ વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા ઓછી આવક ધરાવતા કુટુંબના વિદ્યાર્થીઓ માટે છે.
- દર વર્ષે કુલ દસ (10) શિષ્યવૃત્તિ આપવામાં આવશે. 10 માંથી, ઓછામાં ઓછી 5 શિષ્યવૃત્તિઓ કન્યોઓને આપવામાં આવશે.
- અરજી ગુજરાતના ગ્રામીણ વિસ્તારોની શાળામાં ધોરણ 8 માં અભ્યાસ કરતા એવા વિદ્યાર્થીઓ કરી શકશે કે જેમના કુટુંબની કુલ વાર્ષિક આવક 1.5 લાખથી ઓછી છે.

## શિષ્યવૃતિ ની રાશિ

- ધોરણ 10 ના વિદ્યાર્થીઓ માટે: બે વર્ષ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવશે જે ધોરણ 11 દરમિયાન ₹30,000/- અને ધોરણ 12 દરમિયાન ₹30,000/- હશે. ]
- ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે: ચાર વર્ષના સમયગાળામાં ₹1,00,000/- (માત્ર એક લાખ રૂપિયા) સુધીની શિષ્યવૃત્તિ પ્રાપ્ત થશે. [ ધોરણ 9 માં ₹20,000/-, ધોરણ 10 માં ₹20,000/- અને જો વિદ્યાર્થી ધોરણ 10 પછી વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ ચાલુ રાખે તો ધોરણ 11 માં ₹30,000/- અને ધોરણ 12 માં ₹30,000/-. ]

## અરજી કરવાની પ્રક્રિયા

અરજદારે PRL VIKAS શિષ્યવૃત્તિની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરીને નોંધણી કરવાની રહેશે. નોંધણી પ્રક્રિયાના ભાગરૂપે વિદ્યાર્થીને નીચેના દસ્તાવેજો સ્કેન કરી અપલોડ કરવાના રહેશે:

- વિદ્યાર્થીનો ફોટો
- આવકનો પુરાવો: આવક પ્રમાણપત્ર (તહસીલદાર/મહેસુલ અધિકારી (મામલતદાર)/એસડીએમ/તાલુકા મેજિસ્ટ્રેટ/કલેક્ટર/ડીએમ/એડીએમ/કોઈપણ સમકક્ષ અધિકારી દ્વારા આપવામાં આવેલ. પ્રમાણપત્રમાં કુટુંબની કુલ વાર્ષિક/વર્ષની આવકનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ.
- શાળા તરફથી પ્રમાણભૂત વિદ્યાર્થી પ્રમાણપત્ર
- ધોરણ 7 ની માર્કશીટ [સ્કોલરશીપ માટે અરજી કરતા ધોરણ 10 ના વિદ્યાર્થીઓના કિસ્સામાં ધોરણ 9 ની માર્કશીટ.]

મહત્વની તારીખો
રજીસ્ટ્રેશન ની છેલ્લી તારીખ: 13 January 2023
ચયન પરીક્ષા: 22 January 2023
વધુ વિગતો માટે:
https://www.prl.res.in/Vikas
E-mail: vikas_scholarship@prl.res.in

Scanned with CamScanner

## ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા

(અવકાશ વિભાગનું એકમ, ભારત સરકાર)
નવરંગપુરા, અમદાવાદ–380009

### પી.આર.એલ. ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી તથા અરુણા લાલ શિષ્યવૃત્તિ

**(ખાસ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે)**

ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી તારીખ 25 ફેબ્રુઆરી, 2023 ના રોજ યોજાનાર છે. આ પ્રસંગે પાંચ અરુણા લાલ શિષ્યવૃત્તિ પુરસ્કૃત કરવામાં આવશે. વર્ષ 2023 માટે અરુણા લાલ શિષ્યવૃત્તિ માટેની પસંદગી પરીક્ષા તારીખ 22 જાન્યુઆરી 2023 ના રોજ યોજવામાં આવશે.

ગુજરાતની ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે, આપની શાળામાંથી કસોટીમાં ભાગ લેવા ઇચ્છતા ધોરણ 11 (વિજ્ઞાન પ્રવાહ)ના વધુમાં વધુ સાત (07) વિદ્યાર્થીઓના નામ તારીખ 13 જાન્યુઆરી 2023 અથવા તે પહેલાં મોકલી આપવા. પરીક્ષા સંબંધિત માહિતી, વિદ્યાર્થીઓના નામ મોકલવા અરજી પત્ર તથા વધુ જાણકારી માટે https://www.prl.res.in/sciday વેબસાઈટ જોવા વિનંતી.

સંયોજક
રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

## ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા

(અવકાશ વિભાગ નું એકમ, ભારત સરકાર)
નવરંગપુરા, અમદાવાદ–380009

### વિક્રમ સારાભાઈ પ્રોત્સાહન યોજના (વિકાસ) શિષ્યવૃત્તિ

પી આર એલ ના આદ્યસ્થાપક શ્રી વિક્રમ સારાભાઈની સ્મૃતિમાં દસ "વિકાસ" શિષ્યવૃત્તિઓની સ્થાપના કરવામાં આવેલ છે. આ શિષ્યવૃત્તિનો ઉદ્દેશ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં ઉચ્ચશિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો તેમજ સહાય આપવાનો છે. અરજદાર ગુજરાતના ગ્રામીણ વિસ્તારની સરકાર માન્ય શાળામાં ધોરણ 8 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી હોવો જોઈએ.

[વર્ષ 2022-23 માટે ધોરણ 10 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકે છે.] અરજદારે PRL VIKAS શિષ્યવૃત્તિની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરીને નોંધણી તારીખ 13 જાન્યુઆરી 2023 સુધીમાં કરવાની રહેશે. માટે https://www.prl.res.in/Vikas વેબસાઈટ જોવા વિનંતી.

સંયોજક, વિકાસ શિષ્યવૃત્તિ યોજના

---

પરિપત્ર નં - 273

ક્રમાંક:-પ્રાથમિક/VIKAS શિષ્યવૃતિ/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.03/01/૨૦૨૩

ઉપરોક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned with CamScanner